# અભિનંદન પ્રસ્તાવ

માનનીય અધ્યક્ષશ્રી,

ગૃહના નેતા અને ગુજરાત રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી આજે ગૃહ સમક્ષ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ત્રીજી વાર વિશ્વની સૌથી મોટી લોકશાહીના પ્રધાનમંત્રી બનવા માટે અભિનંદન આપવા માટે જે સંકલ્પ લઇને આવ્યા છે તેનું હું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

- આ દેશમાં ૬૦ વર્ષ સુધી આપણે એક ચોક્કસ પ્રકારની રાજનીતિ જોઈ જેમાં, તૃષ્ટિકરણની રાજનીતિ, જ્ઞાતિવાદની રાજનીતિ, ગરીબને ગરીબ જ રાખવાની રાજનીતિ કરવામાં આવી. પરિવારવાદ, કોમવાદ અને જ્ઞાતિવાદની રાજનીતિ. વિભાજનની રાજનીતિ. માત્રને માત્ર સત્તા પ્રાપ્તિની રાજનીતિ. આ રાજનીતિમાંથી નીતિનું તત્વ સાવ નામશેષ થઈ ગયું હતું.
- પરંતુ છેલ્લા દસ વર્ષમાં દેશના જનપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાજનીતિની ધારા બદલાઈ છે.

- આ નવી રાજનૈતિક ધારામાં ગરીબોના કલ્યાણની વાત છે વંચિતોના વિકાસની વાત છે. ખેડૂતોની ખુશાલીની વાત છે. મહિલાઓના સન્માનની વાત છે, યુવા શક્તિના વિકાસની વાત છે.
- માનનીય નરેન્દ્રભાઈ મોદી એટલે દેશ માટે કણ - કણ અને ક્ષણ -ક્ષણ સમર્પિત હોય તેવું વ્યક્તિત્વ. નેશન ફર્સ્ટની થિયરી સાથે દેશ માટે સતત સમર્પિત એવા વડાપ્રધાનશ્રીએ ભારતીય રાજનીતિના ઈતિહાસમાં અનેક નવી ઊંચાઈઓ હાંસલ કરી છે.
- માનનીય નરેન્દ્રભાઈ માટે કહેવું હોય તો મને એક કવિની પંક્તિઓ યાદ આવે છે.

“લોકો માટે જીવવું, દેશ માટે હર શ્વાસ
એવા જણને કાજ તો સમય લખે ઈતિહાસ”

- આફતોને અવસરમાં ફેરવવાનું અને પડકારોને તકમાં પલટાવવાનું સામર્થ્ય શ્રી નરેન્દ્રભાઈ મોદીનો મુખ્ય ગુણ છે. સંઘર્ષનો સામે ચાલીને મુકાબલો કરવાનું કૌવત એમનો જન્મજાત ગુણ અને વ્યક્તિત્વની ઓળખ છે. મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢવાનો અભિજાત ગુણ એમની આત્મસૂઝને આભારી છે.
- કોરોનાના કપરા કાળમાં મનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં વિશ્વનું સૌથી મોટું રસીકરણ અને વિશ્વના અનેક દેશોને આપેલ રસીની ભેટ તે તેમની કાબેલિયતનું ઉત્તમ ઉદાહરણ છે.
- મારે બહુ દુઃખ સાથે એ કહેવું પડે છે કે એક સમયે આપણા દેશની ગણના મદારીઓના દેશ તરીકે થતી હતી. માનનીય નરેન્દ્રભાઈ વડાપ્રધાન બન્યા પછી ભારત માટેનો દૃષ્ટિકોણ બદલાયો છે. દુનિયા આખીમાં  વિશ્વ મિત્ર ભારત તરીકે ભારતના સોફ્ટ પાવરનો પ્રેમથી સ્વીકાર થઈ રહ્યો છે.
- અમેરિકા હોય કે પછી ચીન હોય કે પછી ઇઝરાયેલ હોય કે ઓસ્ટ્રેલીયા. દરેક દેશના નેતાઓ માનનીય  નરેન્દ્રભાઈ મોદી સાથે સંબંધ રાખવા ઉત્સુક છે. G– 20 ની યજમાનીનો સંપૂર્ણ શ્રેય શ્રી નરેન્દ્રભાઈને જ જાય છે.

- મિત્રો તમે કલ્પના તો કરો કે વિશ્વના બે મહત્વના દેશો રશિયા અને યુક્રેન યુદ્ધ કરતા હોય અને ભારત તેમાં મિત્રભાવથી તેમા સમાધાન માટે જાય. અત્યારે આપણા યશસ્વી પ્રધાનમંત્રી યુક્રેનના પ્રવાસે ગયા છે ત્યારે સમગ્ર વિશ્વ તેમની સામે આશાભરી દ્રષ્ટિએ જોઈ રહ્યું છે.

- મોદી સરકારનો આ દાયકો વિકાસનો દાયકો છે. વિશ્વાસનો દાયકો છે. પરફોર્મ, રીફોર્મ અને ટ્રાન્સફૉર્મના મંત્ર સાથે અવિરત કાર્યરત એવા મોદી શાસનમાં છેલ્લા દસ  વર્ષમાં દેશમાં.....
  - 500 થી વધુ નવી મેડિકલ કોલેજો શરૂ થઇ છે.
  - પહેલા એક જ એઇમ્સ હતી હવે દેશમાં 25 એઇમ્સ થઇ છે.
  - IITની સંખ્યા ત્રણ ગણી થઇ ગઈ છે.
  - મેડિકલની સીટ્સ ડબલ થઇ છે.
  - ભારતની નિકાસ લગભગ 450 બિલિયન ડોલર થી વધીને 775 બિલિયન ડોલર થી વધુ થઈ  છે.

- FDI અગાઉની સરખામણીએ બમણું થયું છે.
- ખાદી અને ગ્રામોદ્યોગના ઉત્પાદનોના વેચાણમાં 4 ગણાથી વધુનો વધારો થયો છે.
- ITR ફાઈલ કરનારાઓની સંખ્યા લગભગ 3.25 કરોડથી વધીને લગભગ 8.25 કરોડ થઈ ગઈ છે.
- નેશનલ હાઈવેની લંબાઈ 90 હજાર કિલોમીટરથી વધીને 1 લાખ 46 હજાર કિલોમીટર થઈ ગઈ છે.
- ચાર માર્ગીય રાષ્ટ્રીય ધોરીમાર્ગની (ફોર લેન નેશનલ હાઇવેની) લંબાઈ અઢી ગણી વધી છે.
- હાઇ-સ્પીડ કોરિડોરની લંબાઈ 500 કિલોમીટર હતી, જે આજે 4 હજાર કિલોમીટર છે.
- એરપોર્ટની સંખ્યા 74 થી બમણી થઈને 149 થઈ ગઈ છે.
- દેશના મુખ્ય બંદરો પર કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા બમણી થઈ છે.
- બ્રોડબેન્ડ યુઝર્સની સંખ્યામાં 14 ગણો વધારો થયો છે.
- દેશની લગભગ 2 લાખ ગ્રામ પંચાયતોને ઓપ્ટિકલ ફાઈબરથી જોડવામાં આવી છે.

- દેશમાં 10 હજાર કિલોમીટરની ગેસ પાઈપલાઈન પણ નાખવામાં આવી છે.
- 4 કરોડ 10 લાખ ગરીબ પરિવારોને ઘરના ઘર મળ્યા છે.
- 11 કરોડ ગ્રામીણ પરિવારો સુધી પ્રથમ વખત પાઈપથી પાણી પહોંચ્યું છે.
- તાજેતરમાં 10 કરોડ ઉજ્જવલા ગેસ કનેક્શન આપવાના પૂર્ણ થયા છે.
-

- પ્રગતિ માટેના અનેક પ્રયાસોનું આ પરિણામ છે. એમ જ લોકો એમ જ લોકો નથી કહેતા "મેરા દેશ બદલ રહા હૈ, આગે બઢ રહા હૈ."
- ડેમોગ્રાફી, ડેમોક્રેસી અને ડાઇવર્સિટીની આ ત્રિપુટી ભારતનાં દરેક સ્વપ્નને સાકાર કરવાની ક્ષમતા ધરાવે છે. ચંદ્રયાન અને ગગનયાન દ્વારા ભારતે અવકાશમાં તિરંગો લહેરાવ્યો છે.
- ભારત દરેક ક્ષેત્રમાં આગેકૂચ કરી રહ્યું છે. આજે દુનિયાનો સૌથી ઉંચો રેલ બ્રિજ ક્યાં છે તો ભારતમાં છે. આજે વિશ્વનો સૌથી ઉંચો વાહન માર્ગ ક્યાં છે તો ભારતમાં છે. વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ ક્યાં છે તો ભારતમાં છે, વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ક્યાં છે તો ભારતમાં છે, વિશ્વનો સૌથી મોટો સોલાર વિન્ડ પાર્ક ક્યાં છે તો ભારતમાં બની રહ્યો છે.

- ચાંદ પર પહોચવાની સાથે આ રાષ્ટ્ર એક સાંસ્કૃતિક રાષ્ટ્ર છે એ અમે ભૂલ્યા નથી. ચાંદ પર પહોચ્યા પછી પણ જમીન સાથે જોડાયેલા રહેવું અઘરું હોય છે. આજે ભારત ચંદ્રયાન મોકલે છે તો સાથે સાથે મેરી મીટ્ટી મેરા દેશના માધ્યમથી આ માતૃભૂમિની વંદના પણ કરે છે. આજે જે કાંઈ થઇ રહ્યું છે તેમાં કેન્દ્રસ્થાને છે આ દેશ.. આ દેશના લોકો..

- એક સમય હતો જ્યારે ગરીબ એવા ભારત દેશમાં અમુક નેતાઓના ડ્રાયક્લીનિંગ માટેનાં કપડાં એરોપ્લેનમાં પેરિસથી ભારત આવતાં હતાં, આજે ચપ્પલવાળો ગરીબ માણસ પણ એટલો પગભર થયો છે કે તે વિમાનમાં ઉડી રહ્યો છે.

- એક સમયે, નૌકાદળનાં યુદ્ધ જહાજોનો અમુક નેતાઓના શોખ સંતોષવા, મોજ-મસ્તી કરવા માટે બોલાવવામાં આવતાં હતા. આજે એ જ નેવીનાં જહાજોનો ઉપયોગ દૂરના દેશોમાં ફસાયેલા ભારતીયોને તેમના ઘરે લાવવા, ગરીબોને તેમના ઘરે લાવવા માટે કરવામાં આવે છે.

- યાદ કરો યુક્રેનના યુધ્ધમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને, ગાઝા દ્વારા ઇઝરાયેલ પર થયેલ હુમલા વખતે ફસાયેલા ભારતીયોને.. આ તમામને તિરંગાની છત્રછાયા નીચે સુરક્ષિત રીતે ભારત લાવવાનું કામ મોદી સરકારે કર્યું છે.
- માત્ર ભારત જ નહિ પાકિસ્તાન અને બાંગ્લાદેશના વિદ્યાર્થીઓ પણ જયારે તિરંગો જોતા હતા ત્યારે તેમના મનમાં આશાનું કિરણ ઉગ્યું અને આપણે તેમને બચાવીને સુરક્ષિત સ્થાને પહોચાડી દીધા... આ છે વસુધૈવ કુટુમ્બકમનું વાસ્તવિક ઉદાહરણ...
- આ જ ભારતની સરકાર પોતાના રાષ્ટ્રની અખંડીતતા અને સાર્વભોમ માટે પાકિસ્તાન સામે લાલઆંખ કરતા જરાય ખચકાતી નથી. દેશની અખંડિતતા અને સુરક્ષા ક્ષેત્રે આજે ભારત બીજા દેશો માટે દ્રષ્ટાંતરૂપ છે.
- હવે કોઈ માઈનો લાલ એવી હિંમત નથી કરતુ કે ભારતને સામેથી છંછેડે... આજે ભારત સર્જીકલ સ્ટ્રાઈક કરીને ઈંટનો જવાબ પથ્થરથી આપે છે.
- એરસ્ટ્રાઈક દ્વારા આપણે સંદેશ આપ્યો છે કે હમ સે જો ટકરાયેગા, મિટ્ટી મેં મિલ જાયેગા.. એર સ્ટ્રાઈક એ નયા ભારતના મિશન અને પેશનનું જિવંત ઉદાહરણ છે.

- આપણે કલ્પના પણ નહોતા કરી શકતા કે કલમ 370ને હટાવી આ દેશમાં એક વિધાન એક નિશાન અને એક સંવિધાનનું સ્વપ્ન સાકાર થશે.. લોકો કહેતા હતા કે કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ દૂર થશે તો લોહીની નદીઓ વહેશે. પરંતુ માન. નરેન્દ્રભાઈના નિર્ણાયક અને સંવેદનશીલ નેતૃત્વને લીધે આવું કશું જ ન થયું અને કલમ ૩૭૦ નાબૂદ થઈ. આજે કાશ્મીર ઘાટીમાં આઝાદી અને આબાદી બંનેનો અનુભવ થઈ રહ્યો છે.

- દુનિયામાં આરોગ્ય ક્ષેત્રમાં સૌથી વધુ પ્રતિષ્ઠિત જર્નલમાં સામેલ ‘ધ લાન્સેટે’ આયુષ્માન ભારત કાર્યક્રમની પ્રશંસા કરતા જણાવ્યું છે કે, આ યોજનાથી ભારતમાં સ્વાસ્થ્ય ક્ષેત્રને લઈને પ્રવર્તમાન સમસ્યાનું સમાધાન કરવા માટે ધ્યાન આપવામાં આવ્યું છે. આ જર્નલે એવું પણ નોંધ્યું હતું કે, પ્રધાનમંત્રી મોદીનાં પ્રયાસોથી સાર્વત્રિક સ્વાસ્થ્ય વીમાકવચને પ્રાથમિકતા મળી છે.
- વિશ્વ આરોગ્ય સંસ્થાએ સ્વચ્છ ભારત અભિયાનની પ્રશંસા કરી છે અને એવો મત વ્યક્ત કર્યો છે કે, આ યોજનાથી દર વર્ષે ત્રણ લાખ લોકોનું જીવન બચ્યું છે.

- મોદીજીનું માનવું છે કે, પરિવર્તન કરવા માટે પરિવહન મહત્ત્વપૂર્ણ માધ્યમ છે. બુલેટ ટ્રેન, વંદે ભારત ટ્રેન જેવા અનેક નૂતન પ્રકલ્પોથી ભારતે સંકલ્પથી સિદ્ધિના શિખરો સર કર્યા છે.
- એક હિન્દી ફિલ્મમાં એક પ્રખ્યાત ડાયલોગ આવે છે કે "બડે બડે દેશો મે છોટી છોટી બાતે હોતી રહતી હૈ" પહેલાની સરકાર દ્વારા સ્વચ્છતા, પર્યાવરણ જેવા વિષયો પર ખાસ ધ્યાન ન્હોતું અપાતું. માનનીય નરેન્દ્રભાઈ આવ્યા અને તેમણે કહ્યું કે "બડે બડે દેશો મે છોટી છોટી બાતે હોતી રહતી હૈ" એવું ના ચાલે, છોટી છોટી બાતો સે હી દેશ બડા બનતા હૈ.
- પર્યાવરણ હોય કે સ્વચ્છતા હોય કે પછી યોગનો પ્રચાર પ્રસાર હોય. દરેક નાની- નાની વાતોને અમલમાં મૂકીને દેશમાં પાયાના કાર્યો કર્યા છે. 'એક પેડ મા કે નામ' તેનું ઉત્તમ ઉદાહરણ છે.
- પર્યાવરણ સંરક્ષણ માટે પ્રયાસો કરવા બદલ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રધાનમંત્રીને 'ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ' પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે.

- નરેન્દ્ર મોદી ‘લોકોના નેતા’ છે, જે જનતાની સમસ્યાઓનું સમાધાન કરવા અને તેમની સુખાકારી વધારવા સમર્પિત છે. એમના માટે લોકોની વચ્ચે રહેવું, તેમની સાથે ખુશીઓ વહેંચવી અને તેમનાં દુઃખો દૂર કરવાથી વિશેષ સંતોષની બાબત બીજી કોઈ નથી.

- યુપીએ સરકાર વખતે કોઈ વ્યક્તિ કશી જ ફરિયાદ કરતી નહોતી, લોકો એવું સ્વીકારી બેઠા હતા કે સરકારી તંત્રમાં તો વાયદા અને વિલંબની નીતિ જ હોય. પ્રજાએ દરેક સરકારી કામ માટે ધક્કા ખાવાના જ હોય.

- ભ્રષ્ટાચાર વગર તો કોઈ કામ પાર પડે જ નહી. ભ્રષ્ટાચાર એ જ શિષ્ટાચાર હતો એટલે પ્રજા એક પ્રકારના વહીવટથી ટેવાઈ ગઈ હતી. હવે મોદીશાસન આવ્યા પછી પ્રજાની અપેક્ષાઓ વધી ગઈ છે. દરેક કામ ઝડપથી અને ભ્રષ્ટાચાર વગર જ થવું જોઇએ એવું પ્રજા માનવા લાગી છે. તે દેશ માટે મોટી સિદ્ધિ છે.

- કોંગ્રેસ માટે કમિશન એ જ મિશન હતું જ્યારે મોદીજી માટે નેશન એ જ મિશન છે.
- માનનીય નરેન્દ્રભાઈએ ભારતની પ્રજાને પારદર્શી શાસન આપ્યું. વચેટિયા દૂર કર્યા અને ભારતના પ્રત્યેક નાગરિકને એ ખાતરી આપી કે ભ્રષ્ટાચાર વગર સુશાસન દ્વારા પ્રજા કલ્યાણના કાર્યો થઈ શકે છે.

- સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ'નાં મંત્ર સાથે શ્રી મોદીએ વહીવટી પ્રક્રિયામાં મોટા પાયે પરિવર્તન લાવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે, જે સમાવેશકતા, વિકાસલક્ષી અભિગમ અને ભ્રષ્ટાચારમુક્ત શાસન તરફ દોરી ગઈ છે.

- પ્રધાનમંત્રી સરકારી યોજનાઓ કે સરકારી સેવાઓનાં લાભ અંત્યોદયનો ઉદ્દેશ પાર પાડે કે છેવાડાનાં માનવી સુધી પહોંચે એ માટે ઝડપથી, વ્યાપકપણે કામ કરી રહ્યાં છે.

- ભારતીય જનમાનસમાં આત્મશ્રદ્ધા જગાડવાનું કામ આપણા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે.

- તન સમર્પિત, મન સમર્પિત ઓર યહ જીવન સમર્પિત ના મંત્ર સાથે અવિરત કાર્યરત એવા વિશ્વ નેતા માનનીય નરેન્દ્રભાઈ મોદીઆર ત્રીજા કાર્યકાળમાં પ્રવેશ કર્યો છે ત્યારે ૨૦૪૭ માં વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થવાનું છે.

- આવો આપણે સૌ ગૌરવવંતા ગુજરાતી તરીકે માનનીય મોદીજીને હૃદય થી અભિનંદન પાઠવીએ.

************